# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **ખાતર ખેડૂતોને યોગ્ય રીતે પહોંચે તે રાજ્ય સરકાર દ્વારા કરાયેલી તપાસમાં 17 જેટલી વિસંગતતા જણાતા કાર્યવાહી.**
2. **મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે તમામ OBM બોટને સરકાર દ્વારા પ્રતિ માસ 450 લીટર કેરોસીન અને પેટ્રોલની સહાય અપાશે.**
3. **ક્ષતીગ્રસ્ત ગંભીરા બ્રિજ પર ફસાયેલા ટેન્કરને સંપૂર્ણ સ્વદેશી ટેકનોલોજીની મદદથી બહાર કઢાયું.**
4. **'મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટ 'ની કામગીરીની મુખ્યમંત્રીએ સ્થળ નિરીક્ષણ કરીને સમીક્ષા કરી.**
5. **રાજયમાં આજથી 8 ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત ગૌરવ યાત્રા , સંભાષણ દિવસ અને સાહિત્ય દિવસના આયોજન દ્વારા વિશ્વ સંસ્કૃત દિવસની ઉજવણી થશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# UREA

ખેડૂતોને યુરિયા ખાતર  યોગ્ય રીતે  પહોંચે તે કૃષિ વિભાગ દ્વારા રચવામાં આવેલી સમિતિએ કરેલી તપાસમાં કુલ 17 જેટલી વિસંગતતાઓ સામે આવી છે.

આ અંગેની સંબધિત એજન્સીને નોટીસ આપીને ૪ ડીલરોના કિસ્સામાં યુરીયાને શંકાસ્પદ અન્ય હેતુ માટે ડાયવર્જન જણાતા લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે રાજ્યના રાસાયણિક ખાતરના લાભ ખેડૂત સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા હેતુસર સરકાર દ્વારા અભિયાન અતર્ગત રાજ્યના ત્રણ અધિક કલેક્ટરને ૬-૬ જિલ્લાની જવાબદારી સોપીને  કૃષિ વિભાગની ૬૪ ટીમો આ કામે ફાળવવામાં આવી છે.

આ સમિતિની તપાસ દરમિયાન  ૧૮ જિલ્લાઓમાં કુલ ૫૬ વિક્રેતાઓને ત્યાં ચકાસણી કરવામાં આવી અને વિવિધ જગ્યાએ તપાસ હાથ ધરવામાં આવી હતી  , આ ટીમો દ્વારા ૫૦૨ જેટલા ખેડૂતો સાથે પરામર્શ કરી તેમાંથી ૭૧ ખેડુતોએ મેળવેલ તમામ જથ્થાની વિગતવાર માહિતી મેળવાઈ છે.

---

# MACHIMARI SAHAY

મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે આગામી સમયમાં રાજ્યની તમામ **OBM** બોટને રાજ્ય સરકાર દ્વારા પ્રતિ માસ ૪૫૦ લીટર કેરોસીન અને પેટ્રોલની સહાય આપવામાં આવશે

રાજ્યના માછીમારો માટે આ વર્ષે ડીઝલ સહાયની જેમ જ કેરોસીન અને પેટ્રોલની સહાય માટે પણ રાજ્ય સરકાર દ્વારા અલાયદો ઓનલાઈન સોફ્ટવેર વિકસાવવામાં આવશે.

મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે ગાંધીનગર ખાતે ગીર-સોમનાથ જિલ્લાના વિવિધ માછીમારી કેન્દ્રો બાબતેના પ્રશ્નો અંગે માછીમાર આગેવાનો સાથે સમીક્ષા બેઠક યોજી હતી જેમાં સોફ્ટવેર મારફત માછીમારોને અપતી ડીઝલ સહાયની તર્જ પર કેરોસીન અને પેટ્રોલની સહાય આપવા માછીમાર આગેવાનો દ્વારા આ બેઠકમાં રજૂઆત કરવામાં આવી હતી.

આ બેઠકમાં મંત્રીએ રાજ્યના તમામ માછીમારોને રાજ્ય સરકારના બંધ સિઝનના પરિપત્રનું પાલન કરવા અનુરોધ કર્યો હતો.

---

# GAMBHIRA BRIDGE UPDATE

ગંભીરા પૂલ તૂટી પડવાની ઘટનામાં ફસાયેલા કેમિકલ ભરેલા ટેન્કરને ઉતારવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ બચાવ કામગીરી સંપૂર્ણ સ્વદેશી ટેક્નોલૉજી દ્વારા કરવામાં આવી છે. આ બચાવ કામગીરી વિશે વાત કરતાં પોરબંદરના મરીન ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ( MERC)ના ઓપરેશન હેડ કેતન ગજ્જરે આ મુજબ જણાવ્યુ,

**બાઇટ - કેતન ગજ્જર, Head of MERC)**

**બચાવ કામગીરી વિશે વાત કરતાં આણંદ જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ આ મુજબ જણાવ્યુ,**

## બાઇટ- પ્રવીણ ચૌધરી, કલેક્ટર આણંદ

---

## CM GANDHI ASHRAM REDEVLOPMENT PROJECT

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાથ ધરાઈ રહેલા 'મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટ 'ની કામગીરીની સમીક્ષા કરી હતી અને સ્થળ નિરીક્ષણ કર્યું હતું.**

**2024માં 12 માર્ચ દાંડીકૂચ સ્મૃતિ દિવસે આ રિ-ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો કાર્યારંભ થયો હતો. મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા અંદાજે 55 એકરમાં આ રિ-ડેવલપમેન્ટ કામગીરી હાથ ધરાઈ રહી છે.**

**આ મુલાકાત દરમિયાન, જૂના મકાનોના રિસ્ટોરેશનની કામગીરીનું નિરીક્ષણ કરીને પૂર્ણ થયેલા કામો અને પ્રગતિ હેઠળના કામોની તેમણે સમીક્ષા કરી હતી. તેમણે સોમનાથ છાત્રાલય, દસ ઓરડી, વણિક પરિવારની ચાલી અને આશ્રમશાળા જેવા મકાનોની કામગીરી નિહાળી હતી. પ્રોજેક્ટમાં ચાલતા ઇન્ફ્રાસ્ટ્રક્ચર કામો , મુલાકાતીઓ માટેના આંતરિક રસ્તા , ડ્રેનેજ, પીવાના પાણીની વ્યવસ્થા સહિતની કામગીરીની પ્રગતિની વિગતો મેળવી હતી.**

---

# RAJKOT ROAD WORK REVIEW MEETING

રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે જિલ્લા માર્ગ સલામતીની બેઠક યોજાઈ હતી. જેમાં માર્ગ સલામતીને લઈને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા, નેશનલ હાઈવે ડિવિઝન, માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ્સ/પંચાયત, રૂડા સહિતના વિભાગોની કામગીરી અંગે સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં અનધિકૃત દબાણ, ટ્રાફિક જામ, ગેરકાયદે તોડવામાં આવેલા ગેપ-ઈનમીડિયન, ક્ષતિગ્રસ્ત સર્વિસ રોડ, મુખ્ય માર્ગો પર પડેલા ખાડાઓમાં પેચવર્ક અને રિસર્ફેસિંગની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી અને સંબંધિત અધિકારીઓને બાકી રહેલી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી હતી.

---

# VADODARA SUSPEND

વડોદરા મ્યુનિસિપલ  કમિશનર અરુણ મહેશ બાબુએ અગ્નિશમન દળ માટે સાધનોની ખરીદીમાં કથિત ગેરરીતિ મામલે ત્રણ અધિકારીઓને ફરજમોકૂફ કર્યા છે. આ કેસમાં સરકારના **GeM** પોર્ટલ પર 27 ફેબ્રુઆરી 2025ના રોજ 3.81 કરોડનું ઈ-ટેન્ડર પ્રસિદ્ધ થયું હતું. જેમાં સાધનોની ખરીદીમાં અધિકારીઓએ ગેરરીતિ કરી હોવાના આરોપસર આ કાર્યવાહી કરી હોવાનું મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યુ હતું.

## બાઇટ:  અરુણ મહેશ બાબુ, મ્યુનિસિપલ કમિશનર

---

# C UDEPUR RATION CARD

છોટાઉદેપુરમાં છ લાખ રૂપિયાથી વધુની આવક ધરાવતા અને આવકવેરા-પત્રક – I.T.R. ભરતા રેશનકાર્ડ-ધારકોનું રેશનકાર્ડ રદ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. છ તાલુકામાં પૂરવઠા વિભાગ દ્વારા આવા ગ્રાહકોને નૉટિસ અપાઈ રહી છે. અત્યાર સુધીમાં એક હજાર 6 00થી વધુ જેટલા રેશનકાર્ડ ધારકોને નૉટિસ અપાઈ હોવાનું જિલ્લા પૂરવઠા અધિકારી એ. આઈ. હળપતિએ જણાવ્યું.

(BYTE: A. I. HALPATI, DISTRICT SUPPLY OFFICER)

---

# WORLD SANSKRIT DAY

**વિશ્વ સંસ્કૃત દિવસ નિમિત્તે  રાજયમાં આજથી 8 ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત ગૌરવ યાત્રા, સંભાષણ દિવસ અને સાહિત્ય દિવસની ઉજવણી કરાશે.**

**આ ઉજવણી અંગે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ હિમંજય પાલિવાલે વધુ માહિતી આપી.**

**(બાઈટ – હિમંજય પાલિવાલ)**

---

# IIT GANDHINGAR MOU

**ગાંધીનગર સ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી  અને ફેડરલ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ ઇથોપિયાના શિક્ષણ મંત્રાલયે સમજૂતીન કરાર પર**

**હસ્તાક્ષર કર્યા છે. મલ્ટિડિસિપ્લિનરી ઇન્ટરનેશનલ ક્વોલિટી ઇમ્પ્રૂવમેન્ટ ડોક્ટરલ ડિગ્રી પ્રોગ્રામ ( MIQMDDP) ઓફર કરવા સમજૂતીના કરાર દ્વારા મહત્વપૂર્ણ ભાગીદારીમાં પ્રવેશ કર્યો છે.**

**આ પહેલનો ઉદ્દેશ્ય સંયુક્ત ડોક્ટરલ સંશોધન , શૈક્ષણિક વિનિમય અને સહ-નિરીક્ષણ દ્વારા ભારત અને ઇથોપિયા વચ્ચે શૈક્ષણિક સહયોગને મજબૂત બનાવવાનો છે. આ કાર્યક્રમ ઇથોપિયન વિદ્વાનોને બંને સંસ્થાઓના માર્ગદર્શન અને સંસાધનો સાથે પીએચડી કરવાની અનન્ય તક આપે છે.**

---

# KUTCH STUDENTS

કચ્છ જિલ્લાના ડુમરા ખાતેની જવાહર નવોદય વિદ્યાલયના 29 વિદ્યાર્થીઓની રમત-ગમત સ્પર્ધામાં રાષ્ટ્રીયકક્ષાએ પસંદગી થઈ છે. આ વિદ્યાર્થીઓએ નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા યોજાયેલી કલસ્ટર અને પ્રાદેશિક સ્તરે કબડ્ડી , ખો-ખો, વોલીબોલ, ચેસ અને એથ્લેટીકસની વિવિધ રમતોમાં આ સિદ્ધિ હાંસલ કરી છે.

આ વિદ્યાર્થીઓ હવે છતીસગઢ, હિમાચલપ્રદેશ, ઓડિશા, ઉત્તરપ્રદેશ અને હરિયાણા ખાતે સ્પર્ધામાં ભાગ લેશે.

---

# SURENDRANAGAR - SPORT

**જાપાનમાં આગામી સપ્તાહમાં યોજાનાર વિશ્વ કરાટે સ્પર્ધા માટે સુરેન્દ્રનગરના ચાર વિદ્યાર્થીઓ પસંદ થયા છે. જેમાં ત્રણ છોકરા અને એક**

**છોકરીનો આ સ્પર્ધામાં ભાગ લેવા જશે. વિદ્યાર્થીઓ વિશ્વ કરાટે સ્પર્ધામાં પસંદગી પામતા તેઓના માતા પિતામાં ખુશી જોવા મળી હતી. તેમજ શિક્ષકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.**

---